અપીલ અરજી નં.૫૪ તા.૧૩–૫–૧૦/૧૧

અરજદારઃ–શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨–૪–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ એસ એમસીની તા.૧૯–૩–૦૭ની જાહેરાત નં.પી.આર. ઓ. ૫૯૭ ની ૯૩ ખાલી જગ્યાના કુલ ૨૪૭૬ વેલીડ ડ્રાઈવરોનાં ઈન્ટરવ્યુમાં ફીઝીકલ વિઝન ટેસ્ટમાં કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોને કે જે આપનાં જણાવ્યા અનુસાર "અનુભવ માંગેલ નહિં" નાં પ્રેકટીકલ ટેસ્ટનાં ઈન્ટરવ્યુની કાર્યવાહી જે વર્કશોપનાં અધિકારીશ્રી ઉદય જી.નાયક ડેપ્યુટી ઈજનેરને સોંપવામાં આવેલ તે અધિકારી ઓટોમોબાઈલ્સ ડીપ્લોમાં કે સદર કેડરની એન્જીનીયરીંગની ડીગ્રી કે હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાઈસન્સ પણ ધરાવતા નથી. તેવા ફકત મિકેનીકલ ડીપ્લોમાં ધરાવતા અધિકારીને પ્રેકટીકલ ટેસ્ટના ઈન્ટરવ્યુની કામગીરી સોંપવા અંગેની કમિશ્નરશ્રીને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૪/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨–૪–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ એસ એમસીની તા.૧૯–૪–૦૭ ની જાહેરાત નં.પી.આર.ઓ.૫૯૭ ની ૯૩ ખાલી જગ્યાના કુલ ૨૪૭૬ વેલીડ ડ્રાઈવરોનાં ઈન્ટરવ્યુમાં ફીઝીકલ વિઝન ટેસ્ટમાં કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોને કે જે આપનાં જણાવ્યા અનુસાર "અનુભવ માંગેલ નહિં" નાં પ્રેકટીકલ ટેસ્ટનાં ઈન્ટરવ્યુની કાર્યવાહી જે વર્કશોપનાં અધિકારીશ્રી ઉદય જી.નાયક ડેપ્યુટી ઈજનેરને સોંપવામાં આવેલ તે અધિકારી ઓટોમોબાઈલ્સ ડીપ્લોમાં કે સદર કેડરની એન્જીનીયરીંગની ડીગ્રી કે હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાઈસન્સ પણ ધરાવતા નથી. તેવા ફકત મિકેનીકલ ડીપ્લોમાં ધરાવતા અધિકારીને પ્રેકટીકલ ટેસ્ટના ઈન્ટરવ્યુની કામગીરી સોંપવા અંગેની કમિશ્નરશ્રીને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર(આર) અને મ.જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૫૦ તા.૧૦–૫–૧૦ થી આપેલ માહિતી અલગ,અયોગ્ય, અસ્પષ્ટ અને અસત્ય હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૧ તા.૨૧–૫–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને અપીલ અરજીમાં આપના કૌંભાડ આચરવા,ગેરમાર્ગે દોરતી માહિતીના આક્ષેપ અંગે આપની પાસે ઉપલબ્ધ આધાર રજુ કરવા તથા કઈ માહિતી ચાર મુદ્દા પૈકી ખોટી છે અને કયા આધારે? જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૪૪ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૦૧ તા.૧૭–૪–૧૦ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૦૦ તા.૩૦–૪–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, તથા પ્રતિક્ષાયાદીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૫–૫–૧૦ થી રજુઆત કરેલ પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૨–૪–૧૦ ની માહિતી માંગતી મુદ્દા નં.૧ થી ૪ નીઅરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૧ તા.૧૭–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ એસ એમસીની તા.૧૯–૪–૦૭ની જાહેરાત નં.પી.આર.ઓ.૫૯૭ ની ૯૩ ખાલી જગ્યાના કુલ ૨૪૭૬ વેલીડ ડ્રાઈવરોનાં ઈન્ટરવ્યુમાં ફીઝીકલ વિઝન ટેસ્ટમાં કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોને કે જે આપનાં જણાવ્યા અનુસાર "અનુભવ માંગેલ નહિં" નાં પ્રેકટીકલ ટેસ્ટનાં ઈન્ટરવ્યુની કાર્યવાહી જે વર્કશોપનાં અધિકારી શ્રી ઉદય જી.નાયક ડેપ્યુટી ઈજનેરને સોંપવામાં આવેલ તે અધિકારી ઓટોમોબાઈલ્સ ડીપ્લોમાં કે સદર કેડરની એન્જીનીયરીંગની ડીગ્રી કે હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાઈસન્સ પણ ધરાવતા નથી તેવા ફકત મિકેનીકલ ડીપ્લોમાં ધરાવતા અધિકારીને પ્રેકટીકલ ટેસ્ટના ઈન્ટરવ્યુની કામગીરી સોંપવા અંગેની કમિશ્નરશ્રીને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ. (૨) શ્રી ઉદય જી. નાયક ડે.ઈજનેર વર્કશોપને કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોના પ્રેકટીકલ ટેસ્ટના ઈન્ટરવ્યુની કાર્યવાહી સોંપવા અંગેના કમિ.શ્રી ના હુકમની માહિતની નકલ. (૩) ફીઝીકલ વિઝન ટેસ્ટના ઈન્ટરવ્યુમાંથી ઉત્તીર્ણ થનાર આપના જણાવ્યાનુસાર "અનુભવ માંગેલ નહિ" ના કુલ ૯૨૨ ડ્રાઈવરોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાં કુલ ૨૭૬ ડ્રાઈવરોને શ્રી ઉદય જી. નાયક ડે.ઈજનેર વર્કશોપ ઈ.ચા. ઉત્તીર્ણ જાહેર કરેલાઓના પર્સનલ ઈન્ટરવ્યુની કાર્યવાહી જે સ્ટાફ સીલેકશન સમિતિએ પાર પાડેલ છે તે સ્ટાફ સીલેકશન સમિતિના અધિકારીઓ પણ ઓટોમોબાઈલ્સ ડીપ્લોમાં ઓટોમોબાઈલ્સ એન્જીનીયરીંગની ડીગ્રી કે હેવી વ્હીકલ ડ્રાઈવીંગનું લાયસન્સ કે હેવી

વ્હીકલ મીકેનીકલ ટેકનીકલમાં જ્ઞાન કૌશલ્ય વગરના હોય તેવા ડી.સી.ઈ. સીવીલ ડીપ્લોમાં, સીવીલ એન્જીનીયરીંગ તથા સી.એ.ની ડીગ્રી ધરાવતા અધિકારીઓની સ્ટાફ સીલેકશન સમિતિની ભલામણ કરનાર અધિકારીએની ભલામણ કરવા અંગેની માહિતીની નકલ. (૪) કુલ ૨૭૫ હાજર ડ્રાઈવર ઉમેદવારોમાંથી સ્ટાફ સીલેકશન સમિતિએ પર્સનલ ઈન્ટરવ્યુમાં જે ૧૦૨ ડ્રાઈવરોને પસંદ કરી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીને કમિ.શ્રીએ મંજુર કરેલી છે. જે અંગેની મંજુરી સાથેની ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની નકલની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૦૦ તા.૩૦–૪–૧૦ થી " મુદ્દા નં.૧ થી ૪ બાબતે સદર માહિતીના પાના દીઠ રૂા.૨ લેખે પાના નંગ–૧૦ ના રૂા.૨૦/– જમા કરાવ્યેથી માંગવામાં આવેલી માહિતી બાબતે આગળથી ધટિત કાર્યવાહી કરવામાં આવશે. તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૩–૫–૧૦ ના રોજ રસીદ નં.૩૭૯૭૮૦ થી રૂા.૨૦/– માહિતી બાબતે જમા કરાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૩૫૦ તા.૧૦–૫–૧૦ થી કમિશ્નરશ્રીએ આપેલ સુચના અનુસાર રીક્રુટમેન્ટ વિભાગમાંથી કરવામાં આવેલ કાર્યવાહીના નોંધ વિભાગ તા.૧૨–૩–૦૮ , ૨૬–૩–૦૮,૨૦–૧–૦૯ ના કાર્યવાહી રીપોર્ટની નકલ તથાસ્ટાફ સીલેકશન સમિતિએ નિમણુંક કરેલ અનામત અને બિનઅનામત ઉમેદવારોના નામની સ્ટાફ સીલેકશન કમિટિની યાદી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૩–૫–૧૦ ના રોજ આપેલ માહિતી તદ્દન અલગ અયોગ્ય , અસ્પષ્ટ, અસત્ય અને ગેરમાર્ગે દોરનારી માહિતી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૧ તા.૨૧–૫–૧૦ થી અપીલ અરજીમાં આપના કૌભાડ આચરવા,ગેરમાર્ગે દોરતી માહિતીના આક્ષેપ અંગે આપની પાસે ઉપલબ્ધ આધાર રજુ કરવા તથા કઈ માહિતી ચાર મુદ્દા પૈકી ખોટી છે અને કયા આધારે? તેવો પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૫–૫–૧૦ ના પત્રથી શિડયુલ ટ્રાઈબ અને સામાજીક શૈક્ષણિક પછાતનો સમાવેશ ૧૦૨ ની બિન અનામતની યાદીમાં કરેલ નથી તેવું જણાવેલ છે જે તાર્કીક જણાતું નથી. ત્રણેય કક્ષાવાર અલગ યાદી હોય અરજદારની રજૂઆત તથ્ય વિહિન જણાય છે. જાહેર માહિતી અધિકારીએ શીડયુલ ટ્રાઈબ્સ , શા.સ. રીતે પછાત તથા બિન અનામતની અલગ યાદી બનાવેલ છે જ જયારે અન્ય મુદ્દા ઓમાં બોગસયાદી મોકલેલ છે ખેર દયારામની ઉંમર બાબતેની રજૂઆત તથા ૭ ડ્રાઈવરોના લાયસન્સ જાહેરાત પૂર્વે –પછીના હોવાની રજૂઆત કરેલ છે. જે માંગેલ માહિતી નહીં મળ્યા બાબતેની નહીં પરંતુ થયેલ કાર્યવાહી સબંધમાં વિસંગતતાની જણાય છે. તેમાં અરજદારે તેવા કોઈ આધાર કે લાયસન્સની નકલ રજૂ કરેલ નથી. માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયાને સ્પર્શતી માંગેલ તમામ વિગતો પૂરી પાડેલ જણાય છે. જેથી તે અંગે તકરારને કોઈ સ્થાન નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીની અલાયદી ફરીયાદને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,